Done

ગુજરાત સમાચાર

15/04/23, Page No.- 03

# રિસર્ચ એ ઋષિનો અપભ્રંશ થયેલો શબ્દ છે : રાજ્યપાલ

અમદાવાદ,શુક્રવાર

બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની આજે આઠમો વાર્ષિક પદવીદાન સમારોહ યોજાયો હતો.આ પ્રસંગે ઉપસ્થિત રાજ્યપાલ દેવવ્રત આચાર્યએ જણાવ્યું કે રીસર્ચ એ ઋષિનો અપભ્રંશ થયેલો શબ્દ છે.પુરાણકાળમાં ઋષિઓએ જે સંશોધનો કરીને શાસ્ત્રોમાં લખ્યાં છે ,એ વાતો આજે લેબોરેટરીમાં રિસર્ચ કરતા સાબીત થાય છે.ઋષિઓએ વેદ,ઉપનિષદ, શાસ્ત્રોમાં ભૌતિક અને આધ્યાત્મિક, પ્રેય એન શ્રેય બંને પ્રકારના શિક્ષણની વાત કરી છે.

## આંબેડકર ઓપન યુનિ.ના પદવીદાન સમારોહમાં ૧૮ હજારથી વધુ વિદ્યાર્થીને પદવી

આજે યોજાયેલા આઠમા વાર્ષિક પદવીદાન સમારોહમાં ૧૮ હજારથી વધુ વિદ્યાર્થીને પદવી એનાયત કરી હતી. જેમાં ૩૬૧૭ વિદ્યાર્થીઓને પીજીની, ૧૪૨૬૬ વિદ્યાર્થીઓને યુજીની અને ૨૪૮ વિદ્યાર્થીઓને ડિપ્લોમાની તથા ૧૦ વિદ્યાર્થીઓને પીએચડીની પદવી એનાયત કરાઈ હતી. ૪૮૫૦ વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ કોર્સના પ્રમાણપત્રો એનાયત કરવામા આવ્યા હતા. ૩૭ વિદ્યાર્થીને ગોલ્ડ અને ૩૯ વિદ્યાર્થીને રજત ચંદ્રક એનાયત થયા હતા.